**Economic Times (Guj.)**

**April 7, 2017**
**Pg.2**

**EDII**

## સંક્ષિપ્ત સમાચાર

# ઈડીઆઈઆઈ અમદાવાદ દ્વારા યુવાનો અને બાળકો માટે સમર કેમ્પ

**અમદાવાદ:** ઉદ્યોગસાહસિકતાના શિક્ષણ, સંશોધન, તાલીમ અને સંસ્થાકીય નિર્માણ સંસ્થા આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (ઈડીઆઈઆઈ)એ વર્ષ ૨૦૧૭ માટે યુવાનો માટે ખાસ રાષ્ટ્રીય સ્તરના રેસિડેન્શિયલ સમર કેમ્પ્સની જાહેરાત કરી છે. આ વર્ષે ઈન્સ્ટિટ્યૂટે ૮-૧૭ મે અને ૨૯-૭ જૂન દરમિયાન ઈડીઆઈઆઈ કેમ્પસ ખાતે યુવાનો માટે આંત્રપ્રિન્યોરશિપ એડ્વેન્ચર્સ ઉપર અનુક્રમે ૩૧ અને ૩૨મા સમર કેમ્પનું આયોજન કર્યું છે. ૧૬થી ૨૨ વર્ષની ઉંમરના અરજદારો આ કેમ્પમાં ભાગ લઈ શકશે અને કેમ્પનો મુખ્ય ઉદ્દેશ યુવાનોને જોખમ ઉઠાવવા, રચનાત્મક વિચાર, કોન્ફલિક્ટ મેનેજમેન્ટ, અસરકારક કોમ્યુનિકેશન, ટીમ વર્ક અને લાગણીસભર બાબતો સંબંધિત ઉદ્યોગ સાહસિકતાના ગુણો પ્રાપ્ત કરીને તેમની છૂપી પ્રતિભાને બહાર લાવવા અને ક્ષમતાઓને વિસ્તારવામાં મદદરૂપ બનવાનો છે. મહત્ત્વપૂર્ણ છે કે છેલ્લાં ૨૩ વર્ષથી ઈડીઆઈઆઈ દેશભરનાં બાળકોને તેમના વ્યક્તિત્વ, તેમના વિકાસને અસર કરતાં પરિબળોનો પરિચય કરાવીને વિવિધ પરિસ્થિતિ અને સંજોગોમાં તેમની વર્તણૂક અને પ્રતિભાવ અંગે જરૂરી માર્ગદર્શન આપીને તેમને વિકસવા માટે મજબૂત પ્લેટફોર્મ પૂરું પાડી રહ્યું છે. અત્યાર સુધીમાં ઈડીઆઈઆઈએ ૨૦૮૦થી વધુ બાળકોને તૈયાર કર્યાં છે.